# વૃક્ષો

વૃક્ષો
એક પગે ઊભાં છે.
તપ કરતા ધ્રુવની જેમ.
ધ્રુવને લગની ઈશ્વરની
વૃક્ષોને માણસની.

માણસો ઉનાળે
છાંયડો ખાય ને
પવન પીવે
વરસાદમાં વૃક્ષો
એમની છત્રી બની જાય.

માણસો ફળ, ફૂલ ને પાંદડાં
પૂછ્યા વગર ચપોચપ વીણી લે
પાનખરમાં પાખું થતાં
એમને ઘેઘૂર બનાવવાં
થડ સુધી કાપી કાઢે.

વૃક્ષો તો પણ
કોઈ અણગમા કે ફરિયાદ વગર.
ફરીફરીને ફૂટે
લીલાછમ્મ બને.

વૃક્ષો ઊભાં છે જાણે કહેતાં
વૃક્ષ બનવું હોય તો
ફરીફરીને ફૂટવું પડે.

અન્ય

# આહ્વાન

સાત સાત ઘોડા જોડી
રથ પર સવાર થઈ
સૂરજ ચડી આવે છે આકાશે
પૂર્વથી પશ્ચિમ સુધીનો ગગનપટ
ખેડી ચાસ પાડી, દાણા ઓરી દઈ
ઊતરી પડે છે પશ્ચિમે
અંધારું ધસી આવી
આછા અજવાસને
પીસી ખાતર બનાવી
ભેળવી દે છે ચાસમાં
થોડી વારે ધીમે ધીમે
ફણગાની જેમ ફૂટી નીકળે છે
નાનામોટા તારા
ટમટમતા તારાનાં વાવેતરમાં
જડી આવે છે ગમતા ચહેરા
સ્વજનોના આ ચહેરા નીરખતાં નીરખતાં
પરોઢનો ઉજાસ પ્રસરવા લાગે...
હું બે હાથ જોડી
ફરી સૂર્યને આહ્વાન કરું છું...

# તેજગોલક

તેજગોલકના સળગતા સગડામાંથી
ઊભરાય, ઊડે તેજ તણખા
પાનખરમાં પથરાતાં પાંદડાંઓની જેમ
પથરાય પૃથ્વીના પોત પર
તેની પર ચીતરેલા
ઝાડ પાન ફળ ફૂલ વેલા
પશુ પંખી માણસ સૌ
આકુળવ્યાકુળ આથડ્યા કરે
ટાઢકને શોધતાં

સૂરજ સામે બાથ ભીડવા
ધખારો ધીમો કરવા
ગરમાળા રક્ષક બની પી રહ્યા છે તીખો તડકો
લાલચટ્ટાક ફૂલો ફોડતાં ગુલમહોર
ફેલાયા છે ઉઘાડી છત્રી બની
ચંપાનાં ફૂલો
સૂરજને ધીમા તપવા વિનવણી કરે છે
ચાંદનીના છોડ પ્રાણરક્ષક બની
સો-સો સફેદ ફૂલો પ્રગટાવી
તડકાની તમતમતી પીળાશ ઝાંખી કરવા મથે છે

મજૂરોની વાંકી વળેલી પીઠ પર
પડતાં અગનબિંદુઓ
પરસેવાની ધાર બની વહી રહ્યાં છે
સમય સાગરમાં ભળવા
બાહુ ફેલાવી હિલ્લોળાતો સાગર
સૂરજને તાણ્યા કરે પશ્ચિમે
પુનઃ જીવતી કરવા એક વધુ સવાર.

# શબ્દ - 1

શબ્દ
અસલ બા જેવો.
હેતથી ઝુલાવે
વહાલથી ગળે વળગાડે
ક્યારેક કાંટાની જેમ ભોંકાય
ને સોટીના સોળ ઉઠાડે
પસ્તાવાનાં આંસુય પાડે.
તોય
બા વગર ના ચાલે
શબ્દ વગર ના જ ચાલે.

## શબ્દ - 2

દીવાલને અઢેલી
સહેજ પગ વાળી
ખોળામાં ઓશીકું મૂકી
તેના ટેકે
ઊંધું ઘાલીને
નોટમાં લખ્યા કરે બા.
જાણે હથેળીમાં
મેંદી કરતાં હોય એમ
ઝીણા ઝીણા અક્ષરો મૂકતાં જાય
નોટનાં પાનાં પર
ઉપર-નીચે, ડાબે-જમણે, તો વળી
વચમાં.
પૂછ્યું કે શું લખો છો બા?
બસ બે અક્ષર પાડું છું.
રામ રામ લખું છું.
લખતાં લખતાં કેટલીક વાર
અક્ષરો થઈ જાય છે ઊલટસૂલટ
એમના જીવનની જેમ.
તોય જાણે
અક્ષરની એ આખી ભાત જીવે છે
હજુ મારા જીવતરની જેમ.

## શબ્દ - ૩

આ જુઓ ને...
હિલ્લોળે ચઢી છે અયોધ્યાનગરી
લંકા જીતી, સીતાજીને છોડાવી,
અગ્નિપરીક્ષા લઈ
રામજી પહોંચ્યા છે અયોધ્યાનગરી
નગરજનોએ વધાવી લીધા
હોંશે હોંશે.
રામજીના રાજમાં સુખશાંતિ
ને લીલાલહેર.
અચાનક
બધુંય વિલાઈ ગયું
નગર વીખરાઈ ગયું
સીતાને ફરી વનવાસ.
રાજનું ભાવિ ગર્ભમાં લઈ
સીતા ચાલ્યાં વનમાં
ધોબીના એક શબ્દે
સીતાના શબ્દે
ધરતીએ મારગ આપ્યો.
શબ્દ તો હંમેશાં સીતાપરીક્ષા લે છે
અને આપે છે.

# ટિકિટ

ટ્રેનની ટિકિટ
સાવ ટચૂકડી
પણ
મુસાફરી વખતે ઘણી મોંઘી
છતાં
મુકામે પહોંચતાં કાણી કોડી જેવી.
ફટ ફેંકાય રસ્તા પર
કે કચરાટોપલીમાં.
જો કોઈ ગરીબ બાળકને લાધે,
તો હરખાય ટિકિટ
બાળક
તેને સાચવીને ખિસ્સામાં મૂકી
જાણે બની જાય
અણદીઠ ભોમનો ભોમિયો.
રાતે ઓશીકા નીચે મૂકી
સૂઈ જાય.
પછી, આખી રાત
ટિકિટ ફેરવ્યા કરે અજાયબી ભરી
અવનવી નગરીમાં.
સવારે સાચવીને
દફ્તરમાં મૂકી સ્કૂલે જાય.
સાઇકલ દોડવા લાગે ટ્રેનની જેમ.
ટિકિટ મોંઘી ને મોંઘી બનતી જાય
બાળકના અવનવા સાહસથી.
ટિકિટ એટલે જ રાહ જોતી હોય છે
કોઈ બાળકની આંગળી પકડવા.

અન્ય

# ટ્રેન

ટ્રેન જાણે જાણતી હોય
તેના મુસાફરોનાં નામ ને ગામ,
મુસાફરોની ભૂખ ને તરસ
એટલે જ
ઊભી રહે છે સ્ટેશને સ્ટેશને.

સમજે છે
તેમની વાતો ને તેમનું મૌન
એકાકી મુસાફરને
લીલાછમ ખેતરો ને
મોટાં મોટાં વૃક્ષો દેખાડી
ઠંડો વાયરો નાખી
સાથ આપે છે.
અંધારા બોગદામાંથી
પસાર થતાં વ્હીસલ વગાડી
જાણે છાતી સરસો ચાંપી દઈ
હિંમત આપે છે.

ટ્રેન સાચવી સાચવી
સૌને હેમખેમ ઉતારે છે
પોતપોતાના સ્ટેશને.

એટલે જ
ટ્રેનમાં હોઈએ ત્યારે
લાગે છે બાનો હૂંફાળો ખોળો.

## કામવાળી રજા પર

આજે કામવાળી રજા પર છે.
વીજળી પણ નથી,
વૉશિંગ મશીનની સેવા પણ ઠપ્પ.
કપડાં ધોવા બેઠી.
દરેક કપડું પહોળું કરી,
સાબુ લગાવી, બ્રશ ઘસીઘસી
મેલ ધોઉં છું.
બા યાદ આવી ગઈ.
તે કપડાં છબછબાવી
જાણે મન હળવું કરતી હશે.
ગાભા-મસોતાંય ઘસીઘસીને ધોતાં
ઇચ્છાઓને પણ ધોઈ નાખતી હશે.
ધોકા મારી મારીને કદાચ
મન વશમાં રાખતી હશે.
ભાર દઈને કપડાં નિચોવતાં
જાણે રાગદ્વેષ નિચોવી
મન ચોખ્ખું કરતી હશે.
એટલે જ તો
દિવસભરનો ઢોર-ભાર વહીનેય
રાત પડે સૌને
પ્રેમથી જમાડતી.
આજે આટલાં વર્ષે સમજાયું કે
બા જિંદગીના છેલ્લા દિવસ સુધી
પોતાનાં કપડાં
કેમ જાતે ધોતી'તી!

# નદી

જાત બદલી
જાત ઓગાળી
બરફમાંથી પાણી બની
યુગોથી વહેતી નદીને પૂછ્યું...
તારા વહેવાનો અર્થ શો?
રેતી તારી સાથે વહેતી નથી
પથરા પલળે ને કોરા થઈ જાય છે.
કિનારા આઘા ને આઘા જ રહે છે.
નદી બોલી...
ક્યારેક ક્યારેક ઊછળીને
અડી લઉં છું કિનારાને.
ટિટોડીને ઈંડાં મૂકવા
ઉગાડી દઉં છું લીલુંછમ ઘાસ.
ઘડીક દૂર ઘડીક પાસે વહ્યા કરું છું.
દૂર જાઉં તોય અવાજ કરી સૌને બોલાવું છું,
કોઈ ના આવે તો વિજયનાદ કરતી દોડું છું.
તો કદી
બાળકની જેમ કિલ્લોલતી રમતી રમતી જાઉં છું.
પથરાઓને ઘસીઘસીને
લીસા કરી આકાર આપું છું
ક્યારેક કોઈ બને
શાલિગ્રામ એની રાહમાં.

# સૂરજ

ધગધગતા લાવા જેવો
ઓગાળે ડામરિયા કાળા રસ્તા
અને
વૃક્ષો કાપીને ઉઘાડા કરેલા રસ્તા
ગરમીમાં અકળાઈને હાંફતા
જનાવર જેવા લાગે.

અન્ય

# સિગ્નલવાળા ચાર રસ્તે

કેડ પર સુકાયેલા છોડ જેવું
બાળક તેડીને
પાનખરના વૃક્ષ જેવી સ્ત્રી
ઊભી છે કસાઈવાડે જતી
ગાયની જેમ.

# વાસુદેવ

આકાશવાણીને સાચી પાડવા
આઠમા પુત્ર માટે
વધેરી દેવડાવ્યાં સાત સાત સંતાનો.

અમાસ જેવી કારાવાસની કોટડીએથી
બંધ કમળ જેવા છાબડામાં
નવજાત મૂકીને
સાવજ જેમ ડર્યા વગર
વધતા રહ્યા, ધસતા રહ્યા
ગાંડીતૂર જમનાનાં કાળાં પાણીમાં.

હે વાસુદેવ
તમે
નંદઘેર બાળલીલા કરી
દ્વારકાધીશ બની
લોકવાણી સાંભળી
રાજપાટ કર્યું
ને
દેવ બની પૂજાયા ઘેર-ઘેર.

હવે
કાન માંડીને સાંભળો
ગર્ભવાણી.
માની કૂખનું
બંધ પોયણાં જેવું
સ્ત્રીભ્રૂણ વીનવી રહ્યું છે
ઘર-ઘર કંસને રોકવા.

# પાટિયું

પોતે કાળું
પણ
ચોકને રચવા દે
ધોળું ધોળું વિશ્વ.

■

પાટિયું ચૂપચાપ
સાંભળ્યા કરે
ચોકનો પગરવ
વિદ્યાર્થીની જેમ
પામે વિસ્મય.

■

અક્ષરને ઓળખવાના
પ્રયત્નમાં
એ પોતાને
ધોળું ધોળું ભાળે.

■

એ સ્થિર સદા
ધ્રુવ તારાની જેમ
અને ચોકનાં પગલાં
પડવા દે પોતાની કાયા પર
જાણે
અનાગતનાં પદચિહ્ન!

■

ખાલી વર્ગ વચ્ચે
એકલુંઅટૂલું
કાળું પાટિયું
રાહ જુએ અવિરત
ચોકની કે
કોઈ પગરવની.

■

એ ધીરે ધીરે
ઝાંખું થતું જાય છે
ચોકની માફક
થોડું થોડું ઘસાઈને
એટલે પોતાને
ચોક માને છે.

■

અમાસની રાત જેવું
કાળું પાટિયું
સદા ઝંખે
ટમટમતા તારલાઓ જેવા
અક્ષર
પાડતા ચોકને.

■

ચોક ફરે, ખસે, લસરે
ને પાટિયું
રમમાણ
ચોકની અક્ષરલીલામાં.

■

પોતાના લંબચોરસ
દેહ પર
ટચૂકડા ચોકની શબ્દલીલા
જોઈ જોઈ
વિસ્મયથી પાટિયું મોટું ને મોટું
થતું જાય.

# ચોક

કાળા પાટિયાની કાળાશને
ચોક, અજવાળી દે
અક્ષર અને અર્થની રંગોળીથી.

■

ઊગતા સૂરજ જેવો
ધોળો ધોળો ચોક
ઝળાંહળાં કરી મૂકી
કાળા પાટિયાને.

■

અંધારા દરિયાને ખૂંદવા
નીકળેલી નાનકડી નાવ જેવો
ટચૂકડો ચોક,
કાળા પાટિયાને છલકાવી દે
અક્ષરોનાં હલેસાંથી

■

ટચૂકડા ચોકનો ઊજળો દેહ
હંફાવે કાળા પાટિયાના વિશાળ દેહને
પીંછાની જેમ
ફરી વળે ઉપરથી નીચે
ડાબેથી જમણે
રચી દે શબ્દોનો રવ.

■

ચોક, ધૂપસળીની જેમ
જાતને ઘસી ઘસી
કાળા પાટિયા પર
શબ્દોની આભા ઊપસાવે.

■

અમાસના અંધારા જેવા
કાળા પાટિયા પર
ચોક અક્ષરોનું અજવાળું પાથરે.

# કાળપંજો

આજકાલ
આંગણાં સૂનાં પડ્યાં છે.
નથી ચણ, નથી ચણનાર પંખીઓ
ગાયો ભાંભરી ભાંભરીને થાકી
પણ કોઈ રોટલી આપનારું નથી.

તડકામાં તુલસી સુકાઈને ખાખ થઈ ગઈ
તેને પાણી પાનારાં ક્યાં હશે?
સંધ્યાટાણું વહી જઈ રાત ઊતરી આવી
તુલસીક્યારે ઘીનો દીવો હજી થયો નથી.
મોગરાનાં ઢગલાબંધ ફૂલો
વેલા પર જ કરમાઈ જાય છે
માળા ગૂંથનારા કેટલે હશે?
ઑફિસથી પાછી ફરું છું
પણ ‘આવી ગયાં’ એમ પૂછનારું કોઈ નથી.
વારેતહેવારે પ્રસાદ આપી
ઢગલો આશીર્વાદ આપનાર કેમ દેખાતા નથી?

સૂમસામ આંગણા ને રસ્તા
મૂંગામંતર પંખીઓ ને ગાયકૂતરાં
તાક્યા કરે છે દૂર... દૂર - અવકાશમાં
કોઈ અદૃશ્ય કાળપંજાને.